# કચ્છી લેવા પટેલ સમાજનું અસ્મિતા પર્વ

*વસંત જી. પટેલ*

## વિશ્વવ્યાપી જ્ઞાતિજનોનું ભુજ અધિવેશન એક ઐતિહાસિક અવસર

ફાઈવસ્ટાર્સ હોટલને ભુલાવી દેતા એરકંડિશનર બંગલા, ચકચતિચ ગાડીઓ, એક નાના ગામમાં પણ વિકસિત દેશોમાં હોય તેવી-તેટલી સગવડોનો અંબાર, આખે આખું ગામ ૨૪ કલાક મિનરલ વોટર પીએ તે નાની વાત નથી. પ્રાથમિક દવાખાના, લાયબ્રેરી, મલ્ટીનેશનલ બેંક માળખું, યુનિવર્સિટી જેવાં શૈક્ષણિક મકાનો, આયોજનબદ્ધ વૃક્ષારોપણ... અરે મરવાનું મન થાય તેવા અંતિમ સંસ્કાર કેન્દ્રો...! બોતેર પેઢીઓ બેઠી બેઠી ખાય તેટલું મસમોટું વૈશ્વિક આર્થિક નેટવર્ક...!

વક્રદષ્ટિકોણી વ્યક્તિ કે વર્ગને આંખના કણાંની જેમ ખૂંચે તેવા કચ્છી લેવા પટેલ ચોવીસગામોના દશ્યો પાછળ હળાહળ સાર્વજનિક અવગણનાનો એક આખે આખો ઈતિહાસ ‘ડૂસકાં’ ભરે છે. ગીરીબી કોઈને મારતી નથી. ‘ઉપેક્ષા’ માનવીને ખતમ કરી નાખે છે. આત્મા હણી લે છે. અસ્પૃશ્યતાથી મોટી કોઈ અવગણના નથી. આભડછેટને બાદ કરો તો કણબીઓ તરફનો વ્યવહાર દલિતવર્ગ જેવો જ...! કચ્છી લેવા પટેલની વાત છે ત્યાં સુધી પોતાને રાજકીય ‘આકા’ માનતા મિથ્યાભિમાની આગેવાનોના ‘નાક’ માંથી રાજકીય અછૂતતાની ‘છટ’ હજી ગઈ નથી તે હકીકત છે. ના છૂટકે એકલ દોકલ હોદ્દા અપાયા હશે. મુઠ્ઠીભર સામાજીક વર્ગ ધરાવતી જ્ઞાતિઓને ધારાસભ્ય, સાંસદની ચૂંટણી લડવા તક અપાઈ છે. જ્યારે દોઢ લાખ લેવા કણબીઓને આજ’દી સુધી ‘પોતાનો’ ધારાસભ્ય નસીબ નથી થયો. કણબીનો દિકરો કાંતો પાણી વાળે, બળદના પૂછડાં આમળે, ગટરના ખાડા ખોદે કે છાણ-વાસીદું કરે તેને ‘રાજ’ કરવાનું ન હોય તેમ ચોક્કસ રાજકીય વર્ગના ઉપર ઉપર દેખાતી શાલીનતા પાછળ પોતાનો રોટલો શેકી લેવાના સ્વાર્થની ગંધ કણબીઓ પારખી ગયા છે.

લઘરવઘર મેલાં કપડાંમાં હાથ સોયના ‘ટેભા’ના થીગડાં એટલાને એવાં કે પોતાને ‘સુધરેલા’ ગણતા વર્ગે કણબીઓ માટે ‘થેપા’ (અક્કલવગરના) જેવા ઉપેક્ષિત અને ઠઠ્ઠામશ્કરીના મિથ્યા સંતોષ કરાવતા શબ્દો પ્રચલિત કર્યા. સ્ત્રીવર્ગની હાલત તો એથીય બદતર, ખાવાના સાંસા હોય ત્યાં શિક્ષણ-આરોગ્યની ક્યાં વાત કરવી? અંધશ્રદ્ધા, વહેમ, અજ્ઞાનતા ચરમસીમાએ હતી. સ્વાર્થવશ અંધશ્રદ્ધા પોષતા કહેવાતા ધર્મગુરૂઓનું શોષણ અલગ...! ધક્કે ચડાવતા અમલદારો, પ્રજાનો મિત્ર હોવાનો દેખાવ કરતા કાયદાના રક્ષકો કોઈ કણબી ગુનામાં આવે (અવરાવવામાં આવે...!)તો ‘બકરો આવ્યો’નો કટાક્ષ અનેક વખત સાંભળ્યો છે. ત્રીજા સ્તરની ‘મોથાજી’ મૂંગે મોઢે સહી છે.

એ તો ભલું થજો એ અગ્રણીઓનું કે જેણે સંગઠનની તાકાત પીછાણી. તા. ૩-૧-૧૯૪૮ના રોજ મોમ્બાસા લેવા પટેલ સમાજની સ્થાપના કરી. તા. ૧૫-૮ ના કચ્છી કણબીઓનું અધિવેશન ભરી ખોવાયેલી અસ્મિતા પછી આણવાની સમજ આપી. ચિનગારી ભડકી ઊઠી તા. ૨૬-૧૨-૧૯૫૪ના નૈરોબી લેવા પટેલ સમાજની ઐતિહાસિક શરૂઆતથી એકતાની પીછાણ થવા લાગી. નૈરોબી લેવા પટેલ સમાજની સ્થાપનામાં દેવશી ધનજી વેકરીયાનો સિંહફાળો રહ્યો. પછી તો જાણે એક સામાજીક વિપ્લવ ફાટી નીકળ્યો. આમ તો તા. ૧૬-૧-૧૯૪૬ના રચાયેલું એક મંડળ કચ્છી લેવા પટેલ સમાજનું ક્રાંતિબીજ હતું. સ્વ. નારાણ ગોપાલ (સુખપર રોહા) મનજી કરસન, હરજી લધા, ખીમજી વસ્તા, કરશન પ્રેમજી ભુડીયા, આણંદા કાનજી જેવા અનેક યુવાનો એકતા માટે મથ્યા ત્યારે આજે સંગઠનની ઈમારત ચણાઈ છે.

સૌથી છેલ્લે તા. ૧૪-૪-૧૯૬૫ના સ્થપાયેલ શ્રી કચ્છી લેવા પટેલ સમાજ ભુજની સ્થાપના આજની સુખાકારીનું રહસ્ય છે. આધાર છે. સમાજના મકાનો બાંધવાથી નહિ, એક એક જ્ઞાતિ બંધુઓના મન બાંધવાથી સમાજ નિર્માણ થાય છે. સ્વ. ખીમજી રામજી, સ્વ. વાઘજી વીરજી પીંડોરીયા, સ્વ. હરજી કરશન દબાસીયા, સ્વ. વી. કે. પટેલ, મેઘજી રત્ના પીંડોરીયા અને વર્તમાન મોવડીશ્રી આર. આર. પટેલે નિર્દોષ-ભોળા કણબીઓને સંગઠનની પીછાણ કરાવી છે. ‘નાક’ કપાઈ જાય તેટલી હદે વિરોધ સહન કરી અડગ ઊભેલા આર. આર. ના હૈયે જ્ઞાતિ ઉત્થાન સિવાય કોઈ ‘સ્વાર્થ’ નથી તેથી જ જૂન ૧૯૮૮માં સ્થપાયેલા કન્યા સંસ્કારધામ, ઈ.સ. ૨૦૦૦માં જિલ્લાની શ્રેષ્ઠ માતૃશ્રી મેઘબાઈ પ્રેમજી જેઠા હોસ્પિટલ અને ઈ.સ. ૧૯૯૯માં માતૃશ્રી આર.ડી.વરસાણી વિદ્યાધામ, સમાજ હોલ સહિતના માઈલસ્ટોન નિર્મિત થયા.

બાય ધ વે... ભલે સૌથી છેલ્લે નિર્માયા હોવા છતાં ભુજ સમાજે તા. ૯/૫ના વિશ્વનું અધિવેશન ભરી ઈતિહાસ સર્જ્યો છે. દેશ-વિદેશ સહિત લેવા પટેલોના ગઢ ગણાતા સૌરાષ્ટ્ર, જામનગર, રાજકોટ, અમરેલી, ભવનગર, રાજસ્થાન ડુંગરપુર બાસવાડા, મધ્યપ્રદેશન ધાર, બદનાવર સહિતના કૂર્મિઓએ એક છત્ર ધારણ કર્યું. ભવિષ્યમાં અરસપરસ રોટી-બેટી વ્યવહારથી લઈ રાજકીય, સામાજીકક અને આર્થિક સમીકરણો સંતુલિત કરવા ગોષ્ઠી કરાઈ. ઐતિહાસિક તવારીખને કચ્છી લેવા પટેલ સમાજનું અસ્મિતા પર્વ નોંધવું પડે તેટલી મસમોટી સંગઠનની તાકાત પ્રદર્શિત કરાશે. જાણે એક શક્તિ પ્રદર્શન જ જોઈ લો...!

તા. ૭/૫ના સમૂહલગ્નોત્સવ, તા. ૮/૫ના સમાજના અતિ મહત્વાકાંક્ષી હોસ્પિટલ વિસ્તરણ પ્રોજેક્ટનો શુભારંભ અને ૯/૫ના સરદાર પટેલ વિદ્યાસંકુલ લાલજી રૂડા પિંડોરીયા સ્પોર્ટસ મેદાન વિશ્વસંમેલનના સાક્ષી બન્યા.